# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી મોદી આજે સાંજે પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગે ચર્ચા કરવા માટે મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે.

2) સરકારે ઘરેલુ વપરાશ માટે પેટ્રોલ અને ડીઝલ પરની કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10 રૂપિયાનો ઘટાડો કર્યો.

3) ભારત વિશ્વમાં ફાર્મસી અને જેનરિક દવાઓનો સૌથી મોટો ઉત્પાદક અને નિકાસકાર દેશ.

4) ઓલિમ્પિકમાં ટ્રાન્સજેન્ડર મહિલા ખેલાડીઓને મહિલાઓની રમત સ્પર્ધામાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકાયો.

5) ઇન્ડિયન પ્રીમિયર લીગ –IPLનો આવતીકાલથી પ્રારંભ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે અને તેમની રાજ્ય તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરશે. આ બેઠક "ટીમ ઇન્ડિયા" ભાવનામાં સંકલિત પ્રયાસો સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, આદર્શ આચારસંહિતાને કારણે, ચૂંટણીલક્ષી રાજ્યોના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજરી આપશે નહીં.

અગાઉ, પ્રધાનમંત્રી મોદીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર સંસદના બંને ગૃહોમાં એક નિવેદન આપ્યું હતું, જેમાં આ મુદ્દા પર ભારતનું વલણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સરકાર પેટ્રોલ, ડીઝલ, તેલ, ગેસ અને ખાતરોનો સુગમ પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે. તેમણે ગૃહને માહિતી આપી હતી કે, ભારતે છેલ્લા 11 વર્ષમાં 27 દેશોમાંથી ઉર્જા આયાતના સ્રોતોને 41 સુધી વધારી દીધા છે, જેનાથી કોઈપણ એક ક્ષેત્ર પર નિર્ભરતા ઓછી થઈ છે.

# EXCISE DUTY-REDUCE

સરકારે ઘરેલુ વપરાશ માટે પેટ્રોલ અને ડીઝલ પરની કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10 રૂપિયાનો ઘટાડો કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગ્રાહકોને વધતી કિંમતોથી રાહત મળશે.

તેમણે કહ્યું કે ડીઝલની નિકાસ પર પ્રતિ લિટર 21.5 રૂપિયા અને ઉડ્ડયન ઇંધણ પર પ્રતિ લિટર 29.5 રૂપિયાની ડ્યુટી લાદવામાં આવી છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે વિશ્વમાં બળતણની અછત વર્તાઇ રહી છે, તેવા સમયમાં ઇંધણ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડવાના સરકારના નિર્ણયથી નાગરિકોને રાહત મળી છે. સંસદીય કાર્યમંત્રી કિરેન રિજજુએ પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડવાના નિર્ણયને અભૂતપૂર્વ ગણાવ્યો.

**(BYTE : કિરેન રિજજુ)**

# GOVT CRUDE PRICES-PURI

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, પશ્ચિમ એશિયાઈ સંઘર્ષને પગલે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના વધતા ભાવનું ભારણ, સરકારે ભારતીય નાગરિકો પર નાખવાને બદલે પોતે સહન કરવાનું પસંદ કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પુરીએ કહ્યું કે, છેલ્લા મહિનામાં ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચ્યા છે. તેલના ભાવ પ્રતિ બેરલ લગભગ 70 થી વધીને 122 પ્રતિ બેરલ થયા છે. આના કારણે દક્ષિણપૂર્વ એશિયાઈ દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 30 થી 50 ટકાનો વધારો થયો છે, ઉત્તર અમેરિકામાં લગભગ 30 ટકા, યુરોપમાં 20 ટકા અને આફ્રિકન દેશોમાં લગભગ 50 ટકાનો વધારો થયો છે. તેમણે કહ્યું કે, આ પરિસ્થિતિનો સામનો કરવા માટે સરકાર પાસે દેશમાં ભાવ વધારો લાગુ કરવો અથવા ખર્ચ પોતે ભોગવવો આ બેજ વિકલ્પો હતા.

શ્રી પુરીએ કહ્યું કે સરકારે તેલ કંપનીઓના ભારે નુકસાનને ઘટાડવા માટે તેમના કરવેરા આવકમાં ભારે ઘટાડો કર્યો છે, જે પેટ્રોલ પર પ્રતિ લિટર આશરે 24 રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર 30 રૂપિયા છે.

# GOVT-LPG ALLOCATION

કેન્દ્ર સરકારે રાજ્યોની  વાણિજ્યિક એલપીજી ફાળવણીને 70 ટકા સુધી વધારવાનો નિર્ણય લીધો છે, જેમાં સ્ટીલ, ઓટોમોબાઈલ અને  કાપડ જેવા ઉદ્યોગોને 20 ટકા ફાળવણી આપવામાં આવશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરતા, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ વાણિજ્યિક એલપીજીનો પુરવઠો સરળ બનાવવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે એવા ઉદ્યોગોને પ્રાથમિકતા આપવામાં આવશે જ્યાં પાઇપ ગેસનો વિકલ્પ નથી.

# LOK SABHA-GENERIC MEDICINES

ભારત હાલમાં વૈશ્વિક સ્તરે લગભગ 30 ટકા જેનરિક દવાઓનો પુરવઠો પૂરો પાડે છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે આમ જણાવ્યું હતું.

તેમણે ભારત વિશ્વમાં ફાર્મસી અને જેનરિક દવાઓનો સૌથી મોટો ઉત્પાદક અને નિકાસકાર દેશ હોવાનું પણ કહ્યું હતું. તેમણે કહ્યું કે સરકારે ડોકટરોને  જેનરિક દવાઓ લખવા અંગે એક સ્પષ્ટ નિયમ લાગુ કર્યો છે. સરકાર આ મુદ્દા પર રાજ્યો સાથે સતત સંપર્કમાં છે અને દર્દીઓ પર નાણાકીય બોજ ઘટાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સંચાલિત હોસ્પિટલોમાં જેનેરિક પ્રિસ્ક્રિપ્શનનો વ્યાપક ઉપયોગ કરવા માટે ભાર અપાઈ રહ્યો છે.

S/B- અનુપ્રિયા પટેલ

તેમણે વધુમાં જણાવ્યું કે નવા ડ્રગ્સ અને ક્લિનિકલ ટ્રાયલ નિયમો, 2019 હેઠળ, કોઈપણ નવી દવાએ મંજૂરી મેળવતા પહેલા નવીન દવા સાથે જૈવ ઉપલબ્ધતા અને જૈવ સમાનતા સ્થાપિત કરવી આવશ્યક છે અને ખાતરી કરવી આવશ્યક છે કે જેનરિક વિકલ્પો વૈજ્ઞાનિક અને નિયમનકારી માપદંડોને પૂર્ણ કરતાં હોય.

# LS - FERTILIZER

દેશમાં છેલ્લા દાયકામાં સ્થાનિક યુરિયા ઉત્પાદન 230 લાખ મેટ્રિક ટનથી વધીને 315 લાખ મેટ્રિક ટન થયું છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા, કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું કે ઉત્પાદન વધારવા માટે 2014થી ગોરખપુર, સિન્દ્રી, બરૌની, રામાગુંડમ અને પાનાગઢ સહિત વિવિધ સ્થળોએ ઘણા નવા ખાતર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યારે ખાતરની સતત આયાત સુનિશ્ચિત કરવા માટે જોર્ડન, મોરોક્કો, સાઉદી અરેબિયા અને ઓમાન જેવા વિવિધ દેશો સાથે લાંબા ગાળાના કરારો દ્વારા ખાતર પુરવઠા શૃંખલાને મજબૂત બનાવાઇ રહી છે.

બાઇટ - જે.પી. નડ્ડા

તેમણે કહ્યું કે ખરીફ સિઝન માટે દેશમાં પૂરતું ખાતર છે અને કાચો માલ મેળવી શકાય તે માટે સરકાર વૈવિધ્યકરણ અને નવા બજારો પણ શોધી રહી છે. શ્રી નડ્ડાએ કહ્યું કે, માટી આરોગ્ય કાર્ડ યોજના દ્વારા માટી પરીક્ષણ આધારિત ખાતરને સક્રિયપણે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# LS - JOINT COMMITTEE

લોકસભાએ બંધારણ (એકસો ત્રીસમો સુધારો) બિલ, 2025, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારો) બિલ, 2025 અને કેન્દ્રશાસિત પ્રદેશો (સુધારો) બિલ, 2025 પર સંયુક્ત સમિતિના અહેવાલ રજૂ કરવાનો સમય આ વર્ષે ચોમાસુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસ સુધી લંબાવ્યો છે.

ત્રણેય બિલ દ્વારા એવા નિયમો અમલમાં આવશે કે ધરપકડ કરાયેલ અને જેલમાં બંધ કોઈપણ વ્યક્તિ કેન્દ્ર અથવા રાજ્ય સરકારમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અથવા મંત્રી તરીકે કાર્ય કરી શકશે નહીં. બિલોમાં એવી પણ જોગવાઈ છે કે આરોપી રાજકારણીએ ધરપકડના 30 દિવસની અંદર જામીન મેળવવા પડશે. જો તેઓ 30 દિવસની અંદર જામીન મેળવવામાં નિષ્ફળ જાય, તો 31મા દિવસે પ્રધાનમંત્રી અથવા મુખ્યમંત્રી બંનેમાંથી કોઈએ તેમને દૂર કરવા પડશે, અન્યથા કાયદા દ્વારા, તેઓ કાર્ય કરવા માટે લાયક રહેશે નહીં.

# OLYMPICS-TRANSGENDR BAN

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ -IOC એ નવી પાત્રતા નીતિને મંજૂરી આપ્યા બાદ  ટ્રાન્સજેન્ડર મહિલા ખેલાડીઓને ઓલિમ્પિકમાં મહિલાઓની રમત સ્પર્ધામાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ પગલું અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષરિત એક કાર્યકારી આદેશને અનુસરે છે, જેમાં ચોક્કસ જૈવિક જાતીય માપદંડોને પૂર્ણ ન કરતા ખેલાડીઓ માટે પ્રતિબંધો સ્થાપિત કરવામાં આવ્યા હતા.

IOC ના પ્રમુખ કર્સ્ટી કોવેન્ટ્રીએ કહ્યું કે, આ નિર્ણય નિષ્પક્ષતા જાળવવાની જરૂરિયાતથી પ્રેરિત છે. તેમણે સ્પષ્ટતા કરી કે સમિતિ હવે જૈવિક પુરુષોની મહિલા શ્રેણીમાં સ્પર્ધાને ન્યાયી માનતી નથી.

# IPL--SECOND-PHASE

IPLનો પહેલો તબક્કો આવતીકાલથી શરૂ થશે. બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે પહેલી મેચ રમાશે.

દરમિયાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ -BCCI એ ઇન્ડિયન પ્રીમિયર લીગ -IPL ના બીજા તબક્કાનું સમયપત્રક જાહેર કર્યું છે. બીજા તબક્કામાં 13 એપ્રિલથી 24 મે સુધી બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા અને દિલ્હી સહિત 12 શહેરોમાં 50 મેચ રમાશે.

# IMD -WEATHER

હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળના હિમાલય ક્ષેત્રના વિસ્તારો, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. આવતીકાલ સુધી બિહાર, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા અને ઉત્તરાખંડમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનોની ફૂંકાવાની શક્યતા છે. આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, પૂર્વ ઉત્તર પ્રદેશ, આંતરિક કર્ણાટક, મધ્યપ્રદેશ અને વિદર્ભમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે આવતીકાલ સુધી તટિય કર્ણાટક, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને પૂર્વોત્તરના રાજ્યોમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે.

# SPAIN ECO. MEASURES- IRAN CONFLICT

સ્પેનિશ સંસદે પશ્ચિમ એશિયામાં સંઘર્ષની આર્થિક અસરને ઓછી કરવા માટે 5.8 બિલિયનના પેકેજને મંજૂરી આપી છે. તેમાં ઇંધણ, ગેસ અને વીજળી પર કર ઘટાડાનો સમાવેશ થાય છે. ઉર્જા સંસાધનો પર મૂલ્યવર્ધિત કર 21 ટકાથી ઘટાડીને 10 ટકા કરવામાં આવશે.

નાણામંત્રી કાર્લોસ કુએર્પોએ જણાવ્યું હતું કે લગભગ 2 કરોડ પરિવારો તેમના વીજળી બિલમાં ઘટાડો કરી શકશે.